## (C - 59) બાળ બ્રહ્મચારી જિણંદ પદધારી

બાળ બ્રહ્મચારી જિણંદ પદધારી,
સેવે સૂરનર ચંદા રે;
ગિરનાર ગિરિ નેમનાથ બિરાજે,
ભેટંત ટળે ભવ ફંદા રે....બાળ૦

બાળ બ્રહ્મચારી વિષય નિવારી,
નિસ્નેહી ગુણરાયા રે;
સચિત પુદ્‌ગલ ભોગ ક્ષીણ જાણી,
સંયમ લીધો ગિરનારી રે....બાળ૦

જિણંદ પદ ધારી રાગ-દ્વેષ નિવારી,
ઘાતિ કરમ ક્ષય કારી રે;
સહેસાવને કેવળ પ્રગટાવી,
કલ્યાણ મંગલ જયકારી રે....બાળ૦

ઈન્દ્રાદિક સૂર અસંખ્ય આવે,
સમવસરણ વિચરાવે રે;
પ્રર્ષદા બાર મિલે તિહાં વેગે,
દેશના જિનજી સુણાવે રે....બાળ૦

ભેટંતા ટળે ભવફંદા,
આતમ જ્ઞાને રાચો રે;
શુક્લ શુક્લ પર્યાય ગ્રહીને,
શુદ્ધ પરિણતિમાં રાચો રે....બાળ૦

અયોગી ગુણસ્થાન ગ્રહીને,
જોગાતીત પદ લીધો રે;
સમશ્રેણી છે પાંચમી ટૂંકે,
આત્મ પ્રદેશ ધન કીધો રે....બાળ૦